# ગાંધીનગર રેલવે સ્ટેશન અને ફાઈવસ્ટાર હોટલ તૈયાર, એપ્રિલમાં મોદી ઉદ્‌ઘાટન કરશે

## મહાત્મા મંદિરના પરિસરમાં બન્ને પ્રોજેક્ટ વર્લ્ડક્લાસ, હોટલનો ખર્ચ ૮૦૦ કરોડ થવાની સંભાવના, ૩૦૦ રૂમની હોટલ આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરનું આધુનિક રેલવે સ્ટેશન તેમજ તેની ઉપર બની રહેલી ફાઈવસ્ટાર હોટલ પૂર્ણ થવા આવી છે. આગામી એપ્રિલ મહિનામાં આ બન્ને પ્રોજેક્ટ્સનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. તેઓ એપ્રિલ મહિનામાં ગુજરાત આવી રહ્યાં છે ત્યારે આ પ્રોજેક્ટ્સ સાથે અન્ય પ્રોજેક્ટ્સનું પણ તેઓ લોકાર્પણ કરવાના છે. તેમનો કાર્યક્રમ નક્કી કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગરમાં બની રહેલી ફાઈવસ્ટાર હોટલ અને આધુનિક રેલવે સ્ટેશનની કામગીરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચનાથી કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયલ નિગરાની રાખી રહ્યાં છે. એરપોર્ટ પર જેવી સુવિધા હોય છે તેવી સુવિધા ગાંધીનગરના આ રેલવે



સ્ટેશન પર બનાવવામાં આવેલી છે.

ગાંધીનગરના આ બન્ને પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા છે પરંતુ તેમાં વિલંબ થયો છે. અગાઉ ૨૦૧૯ના અંતમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટનું નેતૃત્વ ભારતીય રેલવે સ્ટેશન વિકાસ નિગમ કરી રહ્યું છે. આ રેલવે સ્ટેશનના ટ્રેક પર ફાઈવસ્ટાર હોટલ બની રહી છે. દેશની એક મોટી કંપની લીલા ગ્રુપ આ હોટલ બનાવે છે અને તે ચલાવશે. આ હોટલની આસપાસ દુકાનો, મોલ્સ, બિગબજાર સહિતની સુવિધાઓ હશે. આ પ્રોજેક્ટમાં ફુડકોર્ટની વધુ એક સુવિધાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં નિર્માણાધિન રેલવે સ્ટેશન અને ફાઈવસ્ટાર હોટલ મોંઘી પડી રહી છે. આ સંતુક્ત પ્રોજેક્ટનો ખર્ચ વધીને ૭૨૧ કરોડ થયો છે. બન્ને પ્રોજેક્ટનું કામ એકસાથે ચાલી રહ્યું છે અને ૭૦ ટકા પૂર્ણ થવાના આરે છે. રેલવે સ્ટેશન પર બની રહેલી હોટલને સરકારે ફાઈવસ્ટાર બનાવવાનું નક્કી કરી ૩૦૦ રૂમની સુવિધા કહી હોવાથી આ હોટલનો ખર્ચ વધી રહ્યો છે.

શહેરના મહાત્મા મંદિર પાસે બની રહેલા આધુનિક રેલવે સ્ટેશન અને ફાઈવસ્ટાર હોટલના ખર્ચમાં ૨૦૦ ટકાનો વધારો નોંધાયો છે. કેન્દ્રની સૂચના પછી રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ પ્રોજેક્ટમાં ઝડપ કરવા માટે સૂચના આપી હતી. ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ (ગરૂડ) ના પહેલા વાર્ષિક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રેલવે સ્ટેશન અને હોટલના વિકાસ માટે સૌ પ્રથમ ૨૪૩.૫૮ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો હતો પરંતુ સુવિધાઓ વધારવામાં આવતા બજેટમાં બદલાવ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર જિલ્લામાં નવા સ્ટ્રેઈનનો પ્રથમ શંકાસ્પદ દર્દી મળી આવ્યો

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ : નમૂના પરીક્ષણ માટે પૂના મોકલાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના નવા સ્ટ્રેઈનનો શંકાસ્પદ દર્દી મળી આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.

મળતી વિગતો પ્રમાણે કલોલના બોરીસણા ગામે ઈસ્ટ આફ્રિકાના દેશ બુરાન્ડીથી આવેલા યુવકને નવા સ્ટ્રેઈનના શંકાસ્પદ લક્ષણો જણાતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૮મા માળે આ દર્દીને ખાસ આઈસોલેશન વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે. આ યુવક ૨જી તારીખના રોજ બોરીસણા ખાતે આવ્યો હતો અને ૧૧મીએ તેને શરદી-કફ જેવા લક્ષણો જણાતાં કલોલ અર્બન હેલ્થ સેન્ટરમાં તેના નમૂના લઈ પરીક્ષણ કરવામાં આવતાં કોરોના પોઝીટીવ જણાયો હતો.

આ દર્દીના વિદેશ પ્રવાસને ધ્યાને રાખી તંત્રએ તેના નમૂના મેળવી અને પૂના ખાતે પરીક્ષણ માટે મોકલી આપ્યા છે જેનો રિપોર્ટ આવેથી નવો સ્ટ્રેઈન છે કે કેમ તે નક્કી થશે. ગાંધીનગર જિલ્લામાં નવા ટ્રેઈનનો પ્રથમ શંકાસ્પદ કેસ મળી આવ્યો હોવાથી તંત્રમાં આજે સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. આ દર્દીને ગાંધીનગર સિવિલમાં ગઈકાલે દાખલ કરવામાં આવેલ છે.

# જિલ્લામાં નવા ૧૬ કેસ નોંધાયા

## ગાંધીનગરમાં ૩, દહેગામમાં ૨, માણસામાં ૨ કેસ નોંધાયા : સે. ૨૩, ૨૯ માં બે-બે કેસ ઉપરાંત સે. ૨, ૩-એ-ન્યુ, ૨૬, ૨૭, ૩૦ માંથી કેસ મળ્યા : ૧૦ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭ અને ગાંધીનગર શહેરમાં ૯ કેસનો સમાવેશ થાય છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનામાંથી રિકવરી બાદ ડિસ્ચાર્જ મેવનાર દર્દીઓની સંખ્યા સમાન છે.

કોરોનાના કેસોમાં થતી વધઘટને કારણે તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામ અને માણસામાંથી પણ કેસો મળી આવ્યા હોવાથી તંત્રએ સતર્ક બની સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. દહેગામમાંથી બે, ગાંધીનગરમાંથી ૩ અને માણસામાંથી બે કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં દહેગામ અર્બનમાંથી એક વેપારી અને વાસણા ચૌધરી ગામેથી એક દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાસણા ચૌધરીના દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવેલ છે. તાલુકાના સરઢવ ગામેથી વધુ એક કેસ મળી આવ્યો છે. આ ઉપરાંત રાંદેસણ ગામેથી પણ બે કેસ મળી આવેલ છે.

માણસા તાલુકાના સૌલેયા ગામેથી અને માણસા અર્બનમાંથી એક-એક કેસ મળી આવેલ છે. માણસા અર્બનમાં શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૧૮૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૮૦૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ નવ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દી છે જ્યારે એક દર્દીને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એક ઈજનેર, એક ટ્રેનીંગ કોર્ડીનેટર, એક પોલીસ કર્મયોગી, એક નિગમના અધિકારી અને એક ખાનગી કંપનીના સિનીયર મેનેજરનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૯ માંથી બે કેસ, સે. ૨૩ માંથી બે કેસ ઉપરાંત સે. ૨, ૩-એ-ન્યુ, ૨૬, ૨૭ અને સે. ૩૦ માંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૬૫ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોનાના કેસો વધવાની સાથે એક્ટીવ કેસના દર્દીઓની સંખ્યા પણ ૧૦૦ના આંકને પાર કરી જતાં તંત્રની ચિંતા વધી છે.

# કોંગ્રેસે શહેર માટે ૪ નિરીક્ષકો નિમ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાની આવી રહેલી ચૂંટણીને લઈ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ તેના ચૂંટણીના નિરીક્ષકોની ટીમ જાહેર કરી છે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ૪ નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવી છે. જે ચૂંટણીના ઉમેદવારોથી લઈ અને ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી સેવાઓ આપશે.

નિરીક્ષકો તરીકે સાબરમતીના પૂર્વ ધારાસભ્ય ડૉ. જીતુભાઈ પટેલ, જયરાજસિંહ પરમાર, સંજયભાઈ અમરાણી અને વંદનાબેન પટેલની નિમણુંક કરવામાં આવી છે. પ્રદેશ સમિતિ તરફથી નિમાયેલા નિરીક્ષકોની હાજરીમાં આગામી સપ્તાહમાં શહેર કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક મળશે આ પછી નિરીક્ષકો દ્વારા ઉમેદવારોની પસંદગી અંગેની પ્રક્રિયા હાથ ધરશે તેમ જાણવા મળેલ છે.

# શહેરમાં રાત્રિ તાપમાનમાં પારો ૫ ડીગ્રી ગગડયો નગરજનો વિચિત્ર મોસમના મીજાજથી પ્રભાવિત

### મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડાથી વધુ તફાવત : ઠંડીની સાથે ગરમીનુ પ્રમાણ પણ વધ્યુ : દિવસે ગરમી અને મોડીરાત્રે ઠંડીનો ચમકારો

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ૩૬ થી ૩૭ ડીગ્રી વચ્ચે જોવા મળે છે. જયારે લઘુત્તમ તાપમાનમાં વિશેષ ચઢ ઉતર જોવા મળી રહી છે. ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી ગગડયુ હતુ. ઠંડીનો પારો ૧૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડાથી પણ વધુ તફાવતના લીધે નગરજનો હાલ બેવડી ઋતુનો પણ અનુભવ કરી રહ્યા છે. વિચિત્ર મોસમની અસરથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનુ પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યુ છે. ત્યારે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. છેલ્લા ઘણાં સમયથી લઘુત્તમ તાપમાન પણ ૨૦ ડીગ્રીની આસપાસ જોવા મળતુ હતુ જેના લીધે રાત્રિના સમયે પણ નાગરિકોને હળવી ગરમીનો અહેસાસ થતો હતો પરંતુ આજે વાતવરણમાં આજે અચાકન જ પલ્ટો જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી ગગડયુ હતુ. ઠંડીનો પારો ગઈકાલે ૨૦ ડીગ્રીએ હતો જયારે આજે ૧૫ ડીગ્રી પહોંચી જતા મોડી રાત્રે નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. સવારે પણ ઠંડીની અસર જોવા મળી હતી. દિવસનુ તાપમાન પણ ૦.૪ ડીગ્રી ઉંચકાયુ હતુ. અલબત્ત ઠંડીની સાથે ગરમી પણ વધી છે. આજે ગરમીનો પારો ૩૭ ડીગ્રી રહ્યો હતો. જેના લીધે દિવસે ગરમી અને રાત્રિના સમયે હળવી ઠંડી વચ્ચે નગરજનોએ ફરી એકવાર બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. જેના લીધે નાગરિકો પણ દિવસે આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે.

જો કે આજે વાતાવરણમાં અચાનક જ ફેરફાર થયો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાનમાં નજીવો ફેરફાર જોવા મળે છે. પરંતુ છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીના પારાની વિશેષ ચઢ ઉતરના લીધે વાતાવરણમાં બદલાવથી જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. કોરોનાના વધતા કહેર વચ્ચે બેવડી ઋતુની અસરથી નાગિરકો વાયરલ અસરના શિકાર બની રહ્યા છે. શરદી ઉધરસની તકલીફોનુ પ્રમાણ પણ વધ્યુ છે.

# ગાંધીનગર શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ સહિત અનેક કોંગ્રેસી કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાયા

## ગાંધીનગરનો વિકાસ પણ દિલ્હીની તર્જ પર કરીશું : ગોપાલ ઈટાલીયા : : રાયસણ ખાતે યોજાયેલા કાર્યકર્તા સંમેલનમાં મોટી સંખ્યામાં આપના કાર્યકરો ઉમટી પડ્યાં : કેટલાંક જુથો ઢોલ-નગારાં સાથે વાજતે-ગાજતે આપમાં જોડાવા આવી પહોંચ્યા






ગાંધીનગર, તા. ૧૩

"ગુજરાતમાં પણ જો દિલ્હી જેવા કામ થતાં જોવા માંગતા હોવ તો આમ આદમી પાર્ટીમાં વિશ્વાસ રાખજો, અત્યારે ભલે કોઈ અમને કશું ના આપે પરંતુ જનતા મત આપે છે અને આપશે. ધીરે ધીરે અજવાળું આવી રહ્યું છે અને અંધકાર દૂર થઈ રહ્યો છે." આ શબ્દોથી આજે રાયસણમાં રાવવર્લ્ડ ખાતે યોજાયેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તા સંમેલનમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તથા યુવા નેતા ગોપાલ ઈટાલીયાએ કહ્યાં હતા. આ સંમેલનમાં ગાંધીનગર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ તથા કેપીટલ ક્રિએટીવ ક્બના પ્રમુખ મુકેશભાઈ પટેલ તેમના સમર્થકો સાથે આપ પાર્ટીમાં વિધિવત્‌ રીતે જોડાઈ ગયાં હતા.

આપ પાર્ટીના અમદાવાદ ઝોનના કાર્યકર્તા સંમેલનમાં ગોપાલ ઈટાલીયાએ ગાંધીનગરનો વિકાસ પણ દિલ્હી મોડેલ અપનાવી શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રને પ્રાધાન્ય આપવા સાથે કરવામાં આવશે તેવી ખાતરી આપવા સાથે આગામી મનપાની ચૂંટણીમાં આપ પાર્ટી વિજય મેળવી ઈતિહાસ રચશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે પાર્ટી દ્વારા શરૂ કરવામાં આવેલા મિશન-૨૦૨૨ પર ભાર મુકતાં કાર્યકર્તાઓને તે નજર સમક્ષ રાખીને મહેનત કરવા આહવાન કર્યુ હતુ. ગોપાલ ઈટાલીયાએ મુકેશ પટેલનું ખેસ પહેરાવીને પાર્ટીમાં સ્વાગત કર્યુ હતુ તેમજ કાર્યકર્તાઓને બુથ મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આ એક એવી પાર્ટી છે જેમાંથી કોઈ માલેતુજાર, ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સ કે ભ્રષ્ટાચારી ઉમેદવારો ચૂંટણી નથી લડતા પરંતુ આ પાર્ટીમાંથી તમારા જેવા પ્રમાણિક અને ક્રાંતિકારી વિચારો ધરાવતા તેમજ રાષ્ટ્ર માટે કાર્ય કરવા માંગતા સામાન્ય વ્યક્તિઓ ચૂંટણી લડે છે.

આપના સંમેલનમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશના સંસ્થાપક કિશોરભાઈ દેસાઈ, ગુજરાત પ્રભારી ગુલાબસિંહ, સહ પ્રભારી રાજેશ શર્મા, પ્રદેશ ઉપપ્રમુખ ભેમાભાઈ ચૌધરી, પ્રદેશ સંગઠનમંત્રી મનોજ સોરઠીયા, અમદાવાદ ઝોનના પ્રભારી શિવકુમાર ઉપાધ્યાય તથા પ્રદેશ સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ સહિત અગ્રણી હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. આ સંમેલનમાં એક કાર્યકરે ગોપાલ ઈટાલીયાને ચાંદીનું ઝાડું ભેટ આપ્યુ હતુ. સંમેલનમાં મોટી સંખ્યામાં મહિલાઓ સહિત કાર્યકરો ઉમટી પડ્યાં હતા.

### પૂર્વ તાલુકા ઉપપ્રમુખે જોડાવાની સાથે જ રૂપિયા એક લાખનું ફંડ આપ્યું

ગાંધીનગર કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ તથા પૂર્વ મહામંત્રી મુકેશ પટેલ ઉપરાંત પૂર્વ તાલુકા ઉપપ્રમુખ ખોરજના અગ્રણી કોંગ્રેસી નારાયણભાઈ પટેલ પણ આમ આદમી પાર્ટીમાં જોડાયાં હતા અને જોડાતા સાથે જ તેમણે પાર્ટીને રૂપિયા એક લાખનું દાન આપ્યુ હતુ. આ ઉપરાંત ગાંધીનગર કોંગ્રેસના ડૉક્ટર સેલના ચેરમેન તથા યુવા ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. હાર્દિક તલાટી તથા હેત ફાઉન્ડેશનના સંજય તન્ના પણ આપમાં જોડાયાં હતા. આ સાથે સેક્ટર-૫ ની પ્રેરણા વિદ્યાલયના સંચાલક પ્રદિપસિંહ બિહોલા પણ સંમેલનના પ્રારંભે સ્થળ પર નજરે ચઢ્યાં હતા, જો કે તેઓ સ્ટેજ પર જોવા મળ્યાં નહોતા તેથી તેઓ આપમાં જોડાયા કે નહી તે બાબતે કોઈ સ્પષ્ટ રીતે જાણી શકાયું નથી.


બડ़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज
Baroda Global Shared Services
(Wholly Owned Subsidiary of Bank of Baroda)

Regd. Office - 5th Floor, Baroda Sun Tower, C-34, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400 051

RECRUITMENT

Applications are invited from eligible candidates for the following positions with Baroda Global Shared Services Ltd. At GIFT City, Gandhinagar / Vadodara:

| Department | Designation | Location | Experience |
|---|---|---|---|
| Contact Centre | Asst. Vice President/ Dy. Vice President - Operations | Gandhinagar | 12-17 Years |
| Global Trade Services | Asst. Vice President/ Dy. Vice President | Gandhinagar | 12-17 Years |
| Global Trade Services | Asst. Manager/ Dy. Manager/ Manager - (Customer Owner) | Gandhinagar | 4-9 Years |
| Global Trade Services | Asst. Manager/ Dy. Manager/ Manager (Checkers) | Gandhinagar | 2-7 Years |
| Retail Assets - CPC | Asst. Manager/ Dy. Manager/ Manager (Checkers) | Gandhinagar | 2-7 Years |
| Learning & Development (HR) | Asst. Manager / Dy. Manager - Training | Gandhinagar | 3-6 Years |
| Information Technology | Software Engineer | Gandhinagar | 2-5 Years |
| ATM Monitoring | Executives / Senior Executives | Vadodara | 2-5 Years |

For further details on the above please visit the Careers section on www.bgss.in Addendum/ Modifications, if any, shall be notified only on **www.bgss.in**. Applicants should refer to the same before submission of their application by e-mailing their resume on **recruitment@bgss.in**.

**Last date for above positions is 30th April 2021.**

Place: GIFT City, Gandhinagar
Date: 13th March, 2021

Sd/-
Head-Human Resources
Baroda Global Shared Services Ltd

BGSS/HR/2020-21/03



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


# ગાંધીનગર મેડીકલ કોલેજમાં અત્યાર સુધીમાં ૭૩,૫૧૫ કોરોનાના ટેસ્ટ કરાયા

## નવેમ્બરમાં સૌથી વધુ ટેસ્ટ થયા હતા; માઈક્રો બાયોલોજી વિભાગ ટીમ તરીકે દિવસ-રાત કે રજા જોયા વગર સતત કામ કરી રહેલ છે



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજ સુધીમાં ૭૩,૫૧૫ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૭૫૦૦ થી વધુ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાને એક વર્ષ થવા આવ્યુ છે. ગાંધીનગર મેડીકલ કોલેજમાં એપ્રિલ-૨૦૨૦ થી કોરોના ટેસ્ટીંગ માટેની મંજૂરી આપવામાં આવી હતી.

મેડીકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગમાં આ લેબોરેટરીએ ઓગષ્ટથી નવેમ્બર દરમ્યાન ૨૪૮૭ કામગીરી સંભાળી હતી. જો કે હાલ પણ ૧૨ કલાક અહિ ટેસ્ટીંગની કામગીરી ચાલી રહી છે.

આ લેબોરેટરીમાં ફરજ બજાવતા બે તબીબો પણ કોરોનાથી સંક્રમિત થયા પછી પુનઃ પોતાની ફરજ પર હાજર થઈ ગયા છે. આ લેબમાં એકના લગ્ન તાજેતરમાં થયા હોવા છતાં પણ તે હાલ સતત ફરજ બજાવે છે.

મળતી વિગતો પ્રમાણે ચાલુ મહિનામાં ૧૭૦૦ જેટલા સેમ્પલોની ચકાસણી પુરી કરવામાં આવી છે. હાલ આ લેબમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર જતા મુસાફરો ઉપરાંત વિદેશ જતા લોકોના ટેસ્ટીંગનું પ્રમાણ ૧૦ ટકા જેટલુ હોવાનું જાણવા મળેલ છે.

આ લેબમાં નવેમ્બર મહિનામાં ૧૦ હજાર ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે એપ્રિલ માસમાં લેબ ચાલુ કર્યા પછી અત્યાર સુધીના સમયગાળામાં કરાયેલા સૌથી વધુ ટેસ્ટ છે. એક તબક્કે થોડા સમય માટે ખેડાથી પણ અહિ ટેસ્ટ માટે નમૂનાઓ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

અદ્યતન સુવિધાઓ ધરાવતી આ યુનિટમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સ્વાઈન ફ્લુ તેમજ એચ.આઈ.વી.ના વાયરોલ લોડને જાણવા માટેના નમૂનાઓની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના લોકોને આ માઈક્રોબાયોલોજીની લેબ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

હાલ માઈક્રોબાયોલોજીના વડા તરીકેનો ચાર્જ સંભાળતાં ગૌરીશંકરભાઈએ જણાવ્યુ હતુ કે અમે એક ટીમ તરીકે દિવસ-રાત કે રજાનો વિચાર કર્યા વગર અમારી ફરજો નિભાવી રહ્યા છીએ. તેમણે કહ્યુ કે અમારી ટીમે સારા પરિણામો હાંસલ કર્યા છે દર્દીને સમયસર સારવાર મળતી જોઈ અમને થાક નથી લાગતો પણ આનંદ થાય છે.

તેમણે કહ્યુ હતુ કે અમારી લેબમાં ૨૦૧૭ થી સ્વાઈન-ફ્લુના ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યા છે.

કોરોનાના ટેસ્ટીંગ માટે અમારી પાસે બે મશીન ઉપલબ્ધ છે અને આજે પણ ૨૦૦ થી ૩૦૦ નમૂનાઓનું નિયમિત પરીક્ષણ કરી તેના રિપોર્ટ આપી રહ્યા છીએ.

ડૉ. સ્મીતાબેન ભટ્ટ, ડૉ. સંગીતાબેન પટેલની હમણાં બદલી થઈ છે. અમારી ટીમમાં ડૉ. પંક્તિ પંચાલ, ડૉ. કિરણ પટેલ, ડૉ. નેહા મકવાણા, ડૉ. નીતા બ્રોખર, રેસિડેન્ટ ડૉ. હાર્દિક, ડૉ. બિંદુ, લેબ ટેકનીશયન પીનલ પંચાલ, સોનલ, રોશનીબેન, પલકબેન, નૂતનબેન, આકાશ રામી, પ્રિયંકા પટેલ, ડૉ. નિસર્ગ ત્રિવેદી, આરતીબેન ત્રિવેદી, પ્રિયા, પૂજા, મિત્સુ, કાજલ અને મુકેશભાઈની ટીમ છે.

આ ટીમ ચિકનગુનિયા, સ્વાઈન ફ્લુ વાઈરસ લોડ ઉપરાંત કોરોનાના ટેસ્ટીંગની કામગીરી કરી રહી છે.

જિલ્લામાં આમ તો હાલ ૧ થી ૧.૫૦ જેટલો ટેસ્ટીંગ રિપોર્ટમાં ચેપ રેટ જણાય છે. જો કે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં તે ઘણો ઓછો હતો.

ગૌરીશંકરભાઈએ જણાવ્યુ હતુ કે માર્ચના આ ચાલુ સમયગાળામાં પોઝીટીવ દર્દીઓ જાન્યુઆરી-ફેબ્રુઆરીની તુલનામાં વધુ મળી રહ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com